આદિજાતિ વિસ્તારના દરિયાઈ કાંઠાના દરિયાઈ કુશળતા ધરાવતા ૧૧ સભાસદોના જૂથને એવા ૧૦ જૂથોના માછીમારી સભાસદોને પગભર બનાવવાની યોજનાના અમલીકરણની રૂ.૬૦૫.૦૦ લાખની નવી બાબત

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: વકય/૧૦૨૦૧૮/ન.બા-૧૮/ધ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૭/૧૨/૨૦૧૮.

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૫/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આવિ/ અગન/ ૨૦૧૭-૧૮/૫૮

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૦/૧૦/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અવ/ અગન/માછીમારી/૨૦૧૮-૧૯/૪૮૦

**પ્રસ્તાવના :-**

રાજ્યના આદિજાતિ વિસ્તારના દરિયાઇ માછીમારીની કુશળતા ધરાવતા ૧૧ સભાસદોના જૂથને ફીશીંગ બોટ, નેટ અને રીકરીંગ સહાયની યોજના થકી પગભર થઇ શકે અને સારી એવી કમાણી કરી ઉદ્યાગ સાહસિક બની શકે તે માટે સાગરખેડુ ઉદ્યોગ સાહસિકોના ૧૧ સભાસદોના જૂથનું જરૂરી માળખું ઉભું કરવાની દરખાસ્ત કરવામાં આવેલ છે અને આ જૂથને ફીશીંગ બોટ, નેટ અને રીકરીંગ સહાયની યોજના હેઠળ MCDCની ૧૧ સભાસદો માટે સભાસદર દીઠ રૂ.૪.૦૦/- લાખ લેખે લોન અને રૂ.૧.૦૦/- લાખ લેખે સહાય, સભાસદ દીઠ લોક ફાળો રૂ.૫૦,૦૦૦/- એમ મળી ૧ જૂથના ૧૧ સભાસદોને રૂ.૬૦.૫૦/- લાખનો ખર્ચ થાય, એવા ૧૦ જૂથના ૧૧૦ સભાસદોને પગભર કરવા માટે રૂ.૬૦૫.૦૦/- લાખની નવી બાબતની દરખાસ્તને વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે આદિજાતિ વિસ્તારના દરિયાઈ કાંઠાના દરિયાઈ કુશળતા ધરાવતા ૧૧ સભાસદોના જૂથને એવા ૧૦ જૂથોના માછીમારી સભાસદોને પગભર બનાવવાની યોજનાના અમલીકરણની રૂ.૬૦૫.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

D:\gh-3-\GH-2\ASHISHBHAI\2018\VKY-102018-N.B-18-GH.docx

Scanned by CamScanner

શરતો:-

(૧) આદિજાતિ વિસ્તારના દરિયાકાંઠાના દરિયાઈ માછીમારીની કુશળતા ધરાવતા ૧૧ સભાસદોના એક એવા ૧૦ જુથના કુલ ૧૧૦ સભાસદોની પસંદગી માટે સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીની અધ્યક્ષતામાં નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.

(૧) પ્રાયોજના વહીવટદારશ્રી - અધ્યક્ષશ્રી

(૨) મદદનીશ નિયામકશ્રી ફીશરીઝ - સભ્યશ્રી

(૩) નિયામકશ્રી (ડી.આર.ડી.એ.) - સભ્યશ્રી

(૪) મ.ક.શ્રી પ્રાયોજના કચેરી/ચીટનીસ - સભ્ય સચિવશ્રી

ઉક્ત સુચવેલ પસંદગી સમિતિ મારફતે સભાસદો/જુથ મંડળીની પસંદગી કરવામાં આવશે. તેમજ પસંદગી બાદ સમિતિની ભલામણ સહ આદિજાતિ વિકાસ કોર્પોરેશનને દરખાસ્ત મોકલી આપવાની રહેશે.

(૨) ૧૧૦ સભાસદોને સભાસદ દીઠ રૂા.૪.૦૦ લાખ લેખેની લોન અને રૂા.૧.૦૦ લાખ લેખેની સહાય અંતર્ગત લોન આપવા માટે આદિજાતિ વિકાસ કોર્પોરેશનના મુડીભંડોળની સ્વરોજગારી યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે લોન મેળવવા નક્કી થયેલ માપ દંડો તેમજ હપ્તાની ચૂકવણી અને વ્યાજદર માટેના નિયમો આદિજાતિ વિકાસ કોર્પોરેશનના લાગુ પાડવાના રહેશે. (લોન ૨૦ ત્રીમાસિક હપ્તામાં પૂર્ણ કરવાની રહેશે તથા વ્યાજદર ૪% મુજબ/પ્રવર્તમાન નિયમાનુસાર)

(૩) સભાસદ દીઠ રૂ.૫૦,૦૦૦/-લોક ફાળો લાભાર્થીએ ભરવાનો રહેશે.

(૪) એક મંડળીના સભાસદ લાભાર્થીઓને આપવાની થતી માછીમારી માટેની એક બોટ તથા અન્ય સામગ્રીની અંદાજિત કિંમત રૂ.૧૦ લાખ થતી હોય કુલ ૫ બોટ મંડળી દીઠ રાખવાની રહેશે.

(૫) બોટની ખરીદી નિયમોનુસાર મત્સ્ય ઉદ્યોગ ખાતા દ્વારા નોંધાયેલ (રજીસ્ટર્ડ) માન્ય બોટ બિલ્ડીંગ યાર્ડના બાંધકામ અથવા કરવાની રહેશે.

(૬) બોટની ઓવરઓલ લંબાઈ ૩૨ ફૂટથી વધારે તથા બોટનું એંજીન ૧૦ હોર્સ પાવર કરતાં વધારે ન હોવું જોઈએ.

(૭) બોટનું બાંધકામ મરીન ગ્રેડ એફ.આર.પી.નું હોવું જોઈએ.

(૮) બોટમાં ફાયર સેફ્ટી, લાઈફ સેવિંગ જેકેટ ફરીજિયાત હોવા જોઈએ.

D:\gh-3-\GH-2\ASHISHBHAI\2018\VKY-102018-N.B-18-GH.docx

Scanned by CamScanner

(૯) લાભાર્થી એ આ બાબત માટે અન્ય જગ્યાએથી સહાય મેળવેલ નથી તે બાબતનું સોગંધનામુ રજુ કરવાનું રહેશે.

(૧૦) મંજૂરી મળ્યેથી આધાર/બાયોમેટ્રીક કાર્ડ માટેનું બાંહેધરી પત્રક રજુ કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આઇ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦) આમ સદર યોજના સહાય તથા લોન સહાય આપવાની યોજના છે. આ યોજનાનું અમલીકરણ જે તે સંબંધીત પ્રાયોજના વહીવટદારશ્રીઓના સહયોગથી ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ મારફતે ટી.એ.એસ.પી. વિસ્તારમાં કરવામાં આવશે સદર યોજનાનું મોનીટરીંગ પ્રાયોજના વહીવટદારશ્રીઓ મારફતે કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ આયોજન, મુખ્ય સદરઃ ૬૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતેઓ અને અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે



Scanned by CamScanner

લોન, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૦૧ વીકેવાય-૬૧: જુદા જુદા શૈક્ષણિક અને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે લોન આપવાની યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

---

**નકલ રવાના :-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

D:\gh-3-\GH-2\ASHISHBHAI\2018\VKY-102018-N.B-18-GH.docx

Scanned by CamScanner